આર.ડી.ડી./આ.નં./૨૧૦૦, તા.૩૦/૧૧/૨૦૧૮

**અરજદારઃ** શ્રી હિરેનકુમાર વિનુભાઈ પેથાણી
**સામાવાળાઃ** જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી,

**ફરીયાદની હકીકતઃ–**

**વિષયઃ–** તા.૦૧/૦૧/૨૦૧૫ થી તા.૨૧/૦૬/૨૦૧૮ થી સમગ્ર સુરત શહેરમાં સુરત મહાનગરપાલિકા ધ્વારા અમે સુરત મહાનગરપાલિકાની ભાગીદારી ધ્વારા થયેલ લોકાપર્ણના તમામ કાર્યક્રમોની વિગતવાર તારીખ/સમય/સ્થળ હાજર રહેલ અધિકારીના નામ અને હોદ્દાની વિગતવાર માહિતી આપવા બાબત.(મુદ્દા નં.૧ તથા ૨)

**સંદર્ભઃ–**
(૧) અરજદારશ્રીની તા.૨૧/૦૬/૨૦૧૮ ના રોજ આઈ.ડી. નં.૩૩૫ થી વરાછા ઝોન કચેરીમાં અરજી કરેલ.
(૨) જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી (વરાછા ઝોન) ના પત્ર નં.ઈસ્ટઝોન/આર.ટી.આઈ.સેલ/જાવકનં.૫૭૧, તા.૨૬/૦૬/૧૮ થી અત્રેની કચેરીમાં આંશિક માહિતી માટે અરજી અત્રે તબદીલ કરવામાં આવેલ જે અત્રે તા.૨૭/૦૬/૨૦૧૮ ના રોજ મળેલ.
(૩)જા.મા.અ. અને ડે.ઈજનેરશ્રી(આર.ડી.ડી.)ધ્વારા પત્ર નં.આર.ડી.ડી./આ./ નં.૮૩૭, તા.૩૦/૦૬/૨૦૧૮ થી અરજદારને પાઠવેલ જવાબ.
(૪) અરજદારશ્રીની તા.૦૫/૧૦/૨૦૧૮ ના રોજ વરાછા ઝોન કચેરીમાં કરેલ પ્રથમ અપીલ અરજી.
(૫) અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી વરાછા ઝોન ધ્વારા તેમના પત્ર નં.ઈસ્ટઝોન/આર.ટી.આઈ.સેલ/જાવક નં.૧૫૫૨, તા.૦૮/૧૦/૨૦૧૮ થી પ્રથમ અપીલ અરજી અત્રે તબદીલ કરવામાં આવેલ. જે અત્રે તા.૦૯/૧૦/૨૦૧૮ ના રોજ મળેલ છે.
(૬) અરજદારશ્રીની તા.૨૮/૧૧/૨૦૧૮ ના રોજ અત્રેની કચેરીમાં અપીલ અરજી દફતરે કરવા કરેલ અરજી.

અરજદારશ્રી હિરેનકુમાર વિનુભાઈ પેથાણીની આઈ.ડી.નં.૩૩૫, તા.૨૧/૦૬/૨૦૧૮ થી વરાછા ઝોન કચેરીમાં અરજી કરવામાં આવેલ. સદર અરજી સંદર્ભ(૨) હેઠળના પત્રથી વરાછા ઝોન કચેરીમાં અરજી અત્રે તબદીલ કરવામાં આવેલ. જે અત્રેની કચેરીએ તા.૨૭/૦૬/૨૦૧૮ ના રોજ મળેલ. જે અન્વયે જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી ધ્વારા તેમના સંદર્ભ(૩) હેઠળના પત્રથી અરજદારને સમયમર્યાદામાં જવાબ પાઠવવામાં આવેલ. અરજદારશ્રી ધ્વારા સંદર્ભ(૪) હેઠળના પત્રથી મને સમયસર આર.ડી.ડી. વિભાગ ધ્વારા માહિતી મળેલ નથી તેમ જણાવી વરાછા ઝોન કચેરીમાં પ્રથમ અપીલ અરજી કરવામાં આવેલ. સદર અપીલ અરજી સંદર્ભ(૫) હેઠળના પત્રથી અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી(આર.ડી.ડી.)વિભાગમાં અરજી તબદીલ કરવામાં આવેલ. જે અન્વયે અરજદારશ્રીને જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી ધ્વારા તેમને ટેલીફોનીક જાણ કરી રૂબરૂ બોલાવવામાં આવેલ. અને સદર માહિતી અત્રેના વિભાગને લગતી નથી, તેવી સમજ તેમને આપવામાં આવેલ તથા અત્રેથી પાઠવેલ જવાબની ૦૧ (એક) કોપી રૂબરૂમાં આપવામાં આવેલ.

**–ઃહુકમઃ–**

અરજદારશ્રી ધ્વારા આર.ટી.આઈ. એકટ હેઠળ તા.૨૧/૦૬/૨૦૧૮ ના રોજ વરાછા ઝોન કચેરીમાં અરજી તબદીલ કરવામાં આવેલ. વરાછા ઝોન કચેરીના જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી(જનરલ) ધ્વારા સદર અરજી જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી (આર.ડી.ડી.)વિભાગને તા.૨૬/૦૬/૨૦૧૮ ના રોજ તબદીલ

કરવામાં આવેલ. જે અન્વયે જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી ધ્વારા તા.૩૦/૦૬/૨૦૧૮ ના રોજ સમયમર્યાદામાં અરજદારને જવાબ પાઠવવામાં આવેલ. પરંતુ અરજદાર ધ્વારા મને સમયમર્યાદામાં જવાબ ન મળેલ હોવાનું જણાવી પ્રથમ અપીલ અરજી કરવામાં આવેલ. જે અન્વયેજાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી (આર.ડી.ડી.)વિભાગ અરજદારશ્રીને રૂબરૂ બોલાવી માંગવામાં આવેલ માહિતી અત્રેના વિભાગને લગતી નથી. જેની નકલ તેઓને આપવામાં આવેલ. જેનાથી તમને સંપૂર્ણ સંતોષ થયેલ. જે બાબતે તેઓએ તા.૨૯/૧૧/૨૦૧૮ ના રોજ સદર અપીલ અરજી દફતરે કરવા જણાવેલ. આથી સદર અરજી બાબતે હવે તેમને કોઈ માહિતી આપવાની રહેતી નથી.

**અપીલ અધિકારી અને**
**કાર્યપાલક ઈજનેર**
**રોડ ડેવલપમેન્ટ ડીપાર્ટમેન્ટ**
**સુરત મહાનગરપાલિકા**

**પ્રતિ,**
શ્રી હિરેનકુમાર વિનુભાઈ પેથાણી

| | |
|---|---|
| | આર.ડી.ડી./આ.નં./૨૨૪૨, તા.૧૨/૧૨/૨૦૧૮ |

**અરજદાર:** શ્રી પીંકલ પી. ઘીવાળા
**સામાવાળા:** જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી,

**ફરીયાદની હકીકત:–**

**વિષય:–** સુરત મહાનગરપાલિકાના ઉપલબ્ધ રેકર્ડ પર કરવામાં આવતા ચા–પાણી–નાસ્તો જમવા પાછળ છેલ્લા પાંચ વર્ષ દરમ્યાન કરવામાં આવેલા ખર્ચની વિગત આપવા બાબત.

**સંદર્ભ:–**
(૧) અરજદારશ્રીની તા.૦૭/૦૭/૨૦૧૮ ના રોજ આઈ.ડી. નં.૩૨૯ થી વેસ્ટ ઝોન કચેરીમાં અરજી કરેલ.
(૨) જાહેર માહિતી અધિકારી અને સંકલન આસી.લો–ઓફિસરશ્રી ના પત્ર નં.વેસ્ટઝોન/આર.ટી.આઈ.સેલ/૧૦૮૭, તા.૨૦/૦૮/૧૮ થી તબદીલ અત્રેના વિભાગને પત્ર ક્રમાંક આરડીડી/ઈન./નં.૧૬૭૭, તા.૩૦/૦૮/૨૦૧૮ ના રોજ મળેલ.
(૩)જા.મા.અ. અને ડે.ઈજનેરશ્રી(આર.ડી.ડી.)ધ્વારા પત્ર નં.આર.ડી.ડી./આ./નં.૧૩૪૫, તા.૦૬/૦૯/૨૦૧૮ થી અરજદારને પાઠવેલ જવાબ.
(૪) અરજદારશ્રીની તા.૧૩/૦૮/૨૦૧૮ ના રોજ વેસ્ટ ઝોન કચેરીમાં કરેલ પ્રથમ અપીલ અરજી.
(૫) અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી વેસ્ટ ઝોન ધ્વારા તેમના પત્ર નં.વેસ્ટઝોન/આર.ટી.આઈ.સેલ/નં.૧૨૨૬, તા.૩૧/૦૮/૨૦૧૮ થી પ્રથમ અપીલ અરજી અત્રે તબદીલ કરવામાં આવેલ. જે અત્રે તા.૦૬/૦૯/૨૦૧૮ ના રોજ મળેલ છે.
(૬)અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી ધ્વારા તા.૦૪/૧૨/૨૦૧૮ ના પત્ર નં.આર.ડી.ડી./આ./નં.૨૧૩૫ થી અરજદારને તા.૧૧/૧૨/૨૦૧૮ ના રોજ સાંજે ૪:૦૦ કલાકે રૂબરૂ સુનાવણી માટે હાજર રહેવા જણાવવામાં આવેલ.

અરજદારશ્રી ધ્વારા સંદર્ભ(૧) હેઠળના પત્રથી વેસ્ટ ઝોન કચેરીમાં અરજી કરવામાં આવેલ. જે સંદર્ભ(૨) હેઠળના પત્રથી અરજી ઓનલાઈન અત્રે તબદીલ કરવામાં આવેલ. પરંતુ મેન્યુઅલી અરજી અત્રે મોકલાવેલ ન હતી. જેથી અત્રેથી આર.ટી.આઈ. સેલ વેસ્ટ ઝોન કચેરીમાં ટેલીફોનીક જાણ કરતા તેઓ ધ્વારા તા.૩૦/૦૮/૨૦૧૮ ના રોજ અરજી અત્રે મોકલાવવામાં આવેલ. જે અન્વયે સંદર્ભ(૩) હેઠળના પત્રથી જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી ધ્વારા તા.૦૬/૦૯/૨૦૧૮ ના પત્ર નં.આર.ડી.ડી./આ./નં.૧૩૪૫ થી અરજદારને જવાબ પાઠવવામાં આવેલ. અરજદારશ્રી ધ્વારા સંદર્ભ(૪) મુજબ માહિતી સમયસર ન મળ્યાનું જણાવી તા.૧૩/૦૮/૨૦૧૮ ના રોજ અપીલ અરજી કરવામાં આવેલ. સદર અપીલ અરજી અન્વયે સંદર્ભ(૫) હેઠળના પત્રથી અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી, આર.ડી.ડી. વિભાગને તબદીલ કરવામાં આવેલ. જે અત્રેની કચેરીએ તા.૦૬/૦૯/૨૦૧૮ ના રોજ મળેલ. જે અન્વયે અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી(આર.ડી.ડી.) ધ્વારા સુનાવણી માટે સંદર્ભ(૬) હેઠળના પત્રથી અરજદારશ્રીને તા.૧૧/૧૨/૨૦૧૮ ના રોજ સાંજે ૪:૦૦ કલાકે રૂબરૂ હાજર રહેવા જણાવવામાં આવેલ. અરજદાર તા.૧૧/૧૨/૨૦૧૮ ના રોજ સાંજે ૪:૦૦ કલાકે રૂબરૂ સુનાવણી માટે હાજર રહેલ ન હતા.

**–:હુકમ:–**

અરજદારશ્રી ધ્વારા આર.ટી.આઈ. એકટ હેઠળ તા.૦૭/૦૭/૨૦૧૮ ના રોજ આઈ.ડી.નં.૩૨૯ થી વેસ્ટ ઝોન કચેરીમાં અરજી કરવામાં આવેલ. વેસ્ટ ઝોન કચેરીના જાહેર માહિતી અધિકારી અને સંકલન આસી.લો–ઓફિસરશ્રી ધ્વારા તા.૨૦/૦૮/૨૦૧૮ ના રોજ ઓનલાઈન અરજી અત્રે તબદીલ કરવામાં આવેલ. પરંતુ મેન્યુઅલી અરજી અત્રે તબદીલ કરવામાં આવેલ ન હતી. આથી અત્રેથી ટેલીફોનીક જાણ કરતા અરજી અત્રે તા.૩૦/૦૮/૨૦૧૮ ના રોજ મોકલવામાં આવેલ. આમ જાહેર માહિતી અધિકારી અને સંકલન આસી.લો–ઓફિસરશ્રી વેસ્ટ ઝોન કચેરી ધ્વારા ૫૦ દિવસના વિલંબ બાદ અરજી અત્રે તબદીલ કરવામાં આવેલ. જે અન્વયે જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી આર.ડી.ડી. ધ્વારા તા.૦૬ /૦૯/૨૦૧૮ ના રોજ અરજદારને જવાબ પાઠવવામાં આવેલ. અરજદારશ્રી ધ્વારા સમયમર્યાદામાં માહિતી મળેલ ન હોવાનું જણાય. તા.૦૬/૦૯/૨૦૧૮ ના રોજ પ્રથમ અપીલ અરજી કરવામાં આવેલ. જે અન્વયે અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી આર.ડી.ડી. વિભાગ ધ્વારા તા.૧૧/૧૨/૨૦૧૮ ના રોજ રૂબરૂ સુનાવણી માટે હાજર રહેવા જણાવેલ. ઉકત દિને અરજદારશ્રી રૂબરૂ સુનાવણી માટે હાજર રહેલ નથી. જેથી અરજદારશ્રીની અપીલ અંગે વધુ કશું કરવાનું રહેતું નથી, આમ અપીલના અરજીનો નિકાલ કરવામાં આવે છે.

**અપીલ અધિકારી અને**
**કાર્યપાલક ઈજનેર**
**રોડ ડેવલપમેન્ટ ડીપાર્ટમેન્ટ**
**સુરત મહાનગરપાલિકા**

**પ્રતિ,**
શ્રી પીંકલ પી. ઘીવાળા